હરિ ૐ આશ્રમ પ્રેરિત પ્રકાશન

3૯-

# દૂધના દાગા

## ચન્દ્રવદન મહેતા



ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ-૯

હરિ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક પાંત્રીસમું

# દૂધના દાણા

ચન્દ્રવદન મહેતા

ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ–૩૮૦ ૦૦૯

પ્રકાશક :

રઘુવીર ચૌધરી
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, નદીકિનારે
અમદાવાદ-૩૮૦ ૦૦૯

© ચન્દ્રવદન મહેતા

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

પ્રત : ૧૨૫૦

મૂલ્ય : રૂ. ૪/—

આવરણસંયોજન : શૈલેશ મોદી

મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# અર્પણ

ઉમાશંકરને બે છે દીકરી
સ્વાતિ ને એક નંદિની,
મારે ભાગ્યે જય શ્રીહરિ
આવી એકાદી આનંદિની.

સહી કરું છું મારે હસ્તક
જે જોડકણાં સંઘરાણાં,
એમાંથી એક એ દઈ દે દત્તક
એને અર્પણ આ 'દૂધના દાણા'.

ચન્દ્રવદન મહેતા

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવાં ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ પાંત્રીસમું પ્રકાશન બાલકાવ્યોનું છે. ચન્દ્રવદનભાઈનાં આ બાલકાવ્યો બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને ગાશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ બાલકાવ્યોને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૧-૩-'૮૩ ગુજરાતી સાહિત્ય પરિષદ

## દૂધના દાણા

આ જુદા જુદા સંગ્રહોમાંથી સાહિત્ય પરિષદે કરેલો નિર્ણય માથે ચઢાવું છું, એમાં 'એક બિલાડી જાડી' અને ઘણી વાર કવિસંમેલનોમાં વંચાયેલું 'કીડી'નું ગીત પણ છે. જેણે આ સંગ્રહ કરવાનો નિર્ણય કર્યો અને કામ અમલમાં મૂકી પાર ઉતાર્યું એ બધાનો આભારી છું. પરમ મિત્ર શ્રી જમુભાઈ દાણી પહેલા સંગ્રાહક, અને પછીના શેઠ-પ્રકાશક એ બધા મારી ઉપર રહેમ નજર રાખે એવી વિનંતી કરું છું.

ચન્દ્રવદન મહેતા

## અનુક્રમ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ચાંદાપોળી | ૯ | ૧૧ | મધમાખી | ૧૯ |
| ૨ | ચાંદાની હોડી | ૧૦ | ૧૨ | ધોબી | ૨૦ |
| ૩ | હાલરડું | ૧૧ | ૧૩ | છાણી | ૨૧ |
| ૪ | ચાંદારાણા | ૧૨ | ૧૪ | હજામભાઈ | ૨૨ |
| ૫ | ચાંદો–સૂરજ ૧–૨ | ૧૩ | ૧૫ | એક ગવૈયા એવા | ૨૨ |
| ૬ | ચાંદલિયાની હોડી | ૧૪ | ૧૬ | ગપ્પીદાસ | ૨૩ |
| ૭ | ચાંદરણું | ૧૫ | ૧૭ | ઓઘડ અને બોઘડ | ૨૪ |
| ૮ | પરપોટા | ૧૬ | ૧૮ | દાંડિયો | ૨૫ |
| ૯ | એક બિલાડી ૧–૨ | ૧૭ | ૧૯ | રામજીભાઈ | ૨૬ |
| ૧૦ | ભોળી | ૧૮ | ૨૦ | ગાંડા ઘેલા ગોપાલદાસ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૨૧ | જીવો | ૨૮ |
| ૨૨ | છગનભાઈના વાળ | ૨૯ |
| ૨૩ | એને માથે ટાલ | ૩૦ |
| ૨૪ | ધોળિયો | ૩૧ |
| ૨૫ | ગાંગજીભાઈ | ૩૨ |
| ૨૬ | વાંદરાભાઈની મોટર | ૩૩ |
| ૨૭ | વાવાભાઈ | ૩૫ |
| ૨૮ | ખિસકોલીની જાત્રા | ૩૭ |
| ૨૯ | ખિસકોલી | ૩૮ |
| ૩૦ | દેડકાની જાન | ૩૯ |
| ૩૧ | રંગીલી દેડકી | ૪૧ |
| ૩૨ | કીડી | ૪૪ |
| ૩૩ | કીડીનું ગીત | ૫૦ |
| ૩૪ | કીડીને કણ ૧–૨ | ૫૧ |
| ૩૫ | હોડીમાં મંકોડી | ૫૨ |
| ૩૬ | મારી વરસગાંઠ | ૫૫ |
| ૩૭ | હસવા દો | ૫૬ |
| ૩૮ | બાબીબહેન | ૫૭ |
| ૩૯ | કૂચગીત | ૫૯ |
| ૪૦ | ઢીંગલીનો દેશ | ૬૦ |
| ૪૧ | કાળાં વાદળાં | ૬૦ |
| ૪૨ | કિલકિલાટ | ૬૧ |
| ૪૩ | નટબાળ | ૬૧ |
| ૪૪ | અમે રમકડાં | ૬૨ |
| ૪૫ | લીમડો | ૬૨ |
| ૪૬ | મેઘ–ધનુષ | ૬૩ |
| ૪૭ | સપનાં વીણવા જાઈં | ૬૪ |
| ૪૮ | ડોશી | ૬૫ |
| ૪૯ | બરફનો પંખ | ૬૬ |
| ૫૦ | એવા એનાં બટન | ૬૭ |
| ૫૧ | લેંઘાભાઈના પગ | ૬૭ |
| ૫૨ | ધૂપસળી | ૬૮ |
| ૫૩ | મોતીની માળા | ૬૯ |
| ૫૪ | સાગર–તળિયે | ૭૦ |
| ૫૫ | રમકડાંનો દરબાર | ૭૨ |
| ૫૫ | અક્કલ બડી કે ભેંસ | ૭૩ |
| ૫૬ | ચકલીનાં બચ્ચાં | ૭૪ |
| ૫૮ | સ્વપ્નું | ૭૬ |
| ૫૯ | જાંબુ અને આંબો | ૭૭ |
| ૬૦ | વાજાં | ૭૮ |
| ૬૧ | બજરબટ્ટુ | ૭૯ |
| ૬૨ | વાળની લટ | ૭૯ |
| ૬૩ | ગુમાનસિંહ | ૮૦ |
| ૬૪ | નવી તરેહની મૂછ | ૮૦ |
| ૬૫ | ઉંદરભાઈનું માળિયું | ૮૧ |
| ૬૬ | છ ગોરા લોક | ૮૩ |
| ૬૭ | એરોપ્લેન | ૮૫ |
| ૬૮ | રેડિયો | ૮૭ |


□

ચન્દ્રવદન મહેતાકૃત

# દૂધના દાણા

# ચાંદા પોળી

ચાંદા પોળી
રંગે ધોળી;
ઘીમાં બોળી
સૌ છોકરાંને આપ્પા!
ચાંદા મામા
આવો સામા;
પહેરો જામા
ચાંદરણાંના ઝભ્ભા!
ચાંદા રાણા,
કેવા શાણા;
દૂધના દાણા
ઠંડા પહોરનાં ગપ્પાં!



૧

# ચાંદાની હોડી

ચાંદા! તારી હોડી,
એની મળે ન જોડી.
હમણાં તરવા છોડી,
ભરદરિયે તું દોડી.
દૂરના ડુંગર ફોડી,
કોક દી દેખાય ખોડી.
પછીથી થાતી થોડી,
નાની જાણે કોડી.
ક્યાં જતી તું પોઢી
વાદળ-ધાબળી ઓઢી?
એવી તારી હોડી,
મળે ન બીજી જોડી.

# હાલરડું

હાલાં રે હાલાં,
ચાંદરણાંનાં જાળાં;
જાળાં લાવે નીંદરડી,
હીરની દોરી ચીંદરડી.

હાલાં રે હાલાં,
પેલા પંખી માળા;
માળામાં એ પાછાં ફરે,
બચ્ચાં બેઠાં દાણા ચરે.

હાલાં રે હાલાં,
ચાલ્યાં રે અજવાળાં;
અજવાળાં સૂરજનાં જાય,
સઘળે જો શીળો પથરાય.

હાલાં રે હાલાં,
ભાઈને બે રખવાળાં;
સૂરજ તો રોજ થાકી જાય,
ચાંદો રાતે આવી જાય.

# ચાંદા રાણા

ચાંદા રાણા !
ચાંદા રાણા !
કેવા શાણા !
કેવા શાણા !

વાતાં વહાણાં,
વાતાં વહાણાં;
ક્યાં સંતાણા ?
ક્યાં સંતાણા ?

ચાંદા રાણા !
ચાંદા રાણા !
ચાંદરણાનાં
મીઠાં લહાણાં.

છાનાં છાનાં
ગાતાં ગાણાં;
ક્યાં સંતાણા ?
ક્યાં સંતાણા ?

# ચાંદો–સૂરજ

[૧]

ચાંદો-સૂરજ બે આવે-જાય
દાદાજી! એ ભેળા નહીં થાય?
તે દિવસ તો બડી ફજર,
દાદા બોલ્યા ઊંચે નજર :
આકાશ મોટું અનરાધાર
એના ચાંદા-સૂરજ ભાગીદાર.
રાત પડયે ચાંદાનું રાજ,
દિવસના દિનકર મહારાજ !

[૨]

'સૂરજ ને ચાંદા બે જાય
કાકા ! એ કેમ છૂટા થાય;
આવું મોટું છે આકાશ
સાથે કેમ ન કરે નિવાસ?'
'કીકા! સાંભળ એની રીત;
દિવસના સૂરજની જીત;
બેઉ લડે નહીં એને કાજ,
રાત પડે ચાંદાનું રાજ.'

# ચાંદલિયાની હોડી

ચાંદલિયાની હોડી,
એની મળે ન એકે જોડી.

વાદળમાંથી ડોકું કરે,
તો કદીકને માથે ઓઢીને ફરે.
આવડું મોટું આકાશ,
એમાં એની હોડી તરે.
પણ એક વાર.... ....

એનું અજવાળું ભારોભાર,
ચોગરદમ એવું પથરાય !
જાણે ચાંદીનાં કિરણો વેરાય !
ત્યારે લાગે ઝાકમઝોળ;
ઉપર જોતાં એ ગોળમટોળ.
પણ બીજી વાર ભારે અંધાર
થાય, તો શોધી જડે ન લગાર.

# ચાંદરણું

ચાર દિવસનું ચાંદરણું,
કેવું મજેનું પાથરણું!

બે ડાળીઓ કેવી મળી!
જાણે દૂધમાં સાકર ભળી.

પાંદડાંઓથી ભાત પડી,
કેવી મજાની રાત પડી!

ચાંદરણાંમાં શીળો પડયો,
ચાંદો મામો ઊંચે ચડયો.

ચાંદા, તું રોજ આવજે,
પાથરણાં તો લાવજે.

એ પાથરણે પોઢશું,
ચાંદરણાં એ ઓઢશું.

# પરપોટા

પાણીના પરપોટા,
ગુલાબના શું ગોટા;
પરપોટા તો ફૂટી ગયા,
ગુલાબ તો કોઈ લૂંટી ગયા.

એવે બોલ્યા ગલગોટા,
'ફૂલના છે ક્યાં તોટા?'
'છટ્ રે છટ્ તું ગલગોટા!
ગુલાબથી તો છોટા.'

વરસ્યા જ્યારે સોટા,
ફોરાં મોટાં મોટાં;
ફરી થયા પરપોટા,
ને ગુલાબના એ ગોટા.

# એક બિલાડી

[ ૧ ]

એક બિલાડી જાડી,
એણે પહેરી સાડી.
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં એ તરવા ગઈ.

તળાવમાં તો મગ્ગર,
બિલ્લીને આવે ચક્કર.
સાડીછેડો છૂટો થયો,
મગ્ગરના મોંમાં આવી ગયો.

છેડો મગ્ગર ખેંચી રહ્યો,
મગ્ગર બિલાડી ખાઈ ગયો.

[ ૨ ]

એક બિલાડી એવી જાડી, મળે ન જેની જોડી,
સાડી પહેરી ફરવા નીકળે, છેડો માથે ઓઢી.
એ જ બિલાડી અસલી, એની વંશવેલ વિસ્તરતી,
બાળક સાથે હસતી રમતી, ખંડ ખંડમાં ભમતી.
ભલે મરઘડો ખાઈ ગયો પણ એ જ બિલાડી અમ્મર,
ભલા ભલા ખાનારા, એને આવી ગયાં છે તમ્મર.
ગુજરાતે એ સદાય જીવતી ઘૂમતી બાળકવાડી,
કોઈ કાળે પણ કોઈની આગળ કદી ન ઊતરે આડી.

# ભોળી

એક મધમાખી બોલી,
મારું નામ ભોળી.

એક દિવસ હું રમવા ગઈ,
ભમરાને ત્યાં જમવા ગઈ.

મીઠું મીઠું મધ જમ્યાં,
જમી રમીને ખૂબ ભમ્યાં;

ભમતાં ભમતાં થાકી ગયાં,
ફૂલવાડીમાં આવી રહ્યાં.

સૂરજ-કમળનું દીઠું ઘર,
એમાં આવી કીધું દર.

રાત પડી ત્યાં ભારી,
દેવાય બારણાં બારી.

ભમરાભાઈ તો ભૂખ્યા થયા,
મધ માટે એ ઊભા રહ્યા.

ફૂલ ગયું બિડાઈ,
અમે ગયાં પૂરાઈ.

# મધમાખી

એક મધમાખી મીઠી,
જોવા જેવી દીઠી.
મીઠી મીઠી મધ ભરી,
પાંખો જોતાં આંખો ઠરી.
પાંખ થાય ચળક ચળક,
પગ જુઓ તો વળક વળક.
થયું કે એની પકડું પાંખ,
આવી મળે જો પાકો લાગ.
પણ એ તો એવી લપૂડી,
કે પકડતાં જ ગઈ ઊડી!

# ધોબી

દૂરથી આવતાં એણે જોયું એનું એક ગધેડું,
ગાંસડો બાંધી પીઠ પર મૂકતાં, એ તો ચાલ્યું ટેડું.

એકલો બેઠો વાટ જુએ છે ધોબી નદીને ઘાટ,
અડધો દિવસ વીતી ગયો તોયે જોતો બેઠો વાટ.

આવતાં-જતાં લોક તો કહેતાં, પણે જાય ગધેડું,
'હા, હા, એ તો હુંયે જાણું, પણ જાય છે આડું ટેડું.'

બીજો ધોબી આવી બોલ્યો, 'તુંયે ભારે અડિયલ જાત,
જઈ પકડ ને કરી દે સીધું, ઓહ આ તે કેવી વાત!
કપડાં બપડાં સૌ કોઈ થાશે એની સાથે ગુમ;
તુંયે કેવો અડબડિયો છે, અક્કલનો છે ડૂમ.'

આખર જ્યારે આવ્યું ગધેડું એકલું સીધી ચાલે,
પીઠ પર ગાંસડો એક મળે નહીં, ને માલિક મનમાં મ્હાલે!

# છાણી

છગનભાઈની છાણી,
છાણાં વીણતી આણી.
છગન છાણી બે દોસ્તદાર,
બાલપણાનાં સાથીદાર.
પરણ્યાં એટલે ઘરબાર,
સુખી ચાલે એનો સંસાર.
ઘરડા થઈને કરે વિચાર;
હવે શું કરવું એનો સાર.
છાણી કહે, હું છાણાં વીણું,
છગન કહે, હું દાણા વીણું.
છાણી છાણાં સળગાવે,
ઉપર રાંધે, અને પીવે-ખાવે.
એમ કરે ઉજાણી
રોજ, એ છગન ને છાણી!

## હજામભાઈ

એક હતા હજામભાઈ
તે કરતા હજામત;
દાઉદમિયાંની દાઢીએ તો
કીધી કરામત.
આમથી બોડયું તેમથી બોડયું
બોડયું આમ તેમ;
બધી અક્કલ વાપરી વચ્ચે
રાખ્યું જેમનું તેમ.

## એક ગવૈયા એવા

એક ગવૈયા એવા,
એ ગવૈયા તે કેવા?
જીભ જાય આકાશ,
ત્યાં આલાપ લંબાય;
અને હાથ જાય પાતાળ,
ત્યાં તાલ મપાય!
એકી સાથે સાતે સૂર
સંભળાય તે દૂર દૂર.

# ગપ્પીદાસ

એનું નામ જ ગપ્પીદાસ,
અલક મલકની હાંકે બડાશ.

મોટી મોટી મારે ધાપ,
ઈયળને કહે લાંબો સાપ.

વાંદાને કહે એ ઉંદર,
અને હાથીને કહે એ ડુંગર.

નહીં ધડ, નહીં પાયો, ન આધાર,
અને વાતો કરે અપરંપાર!

બાર હાથનું ચીભડું, ને તેર હાથનું બી,
એવી રોજ કરે, ખા ખા ખી ખી.

જેની વાતોમાં નહીં સાર,
એવો એ અક્કલનો ભંડાર!

# ઓધડ અને બોધડ

ઓધડ અને બોધડ બે ભાઈઓની જોડ
તે કરે આખો દિવસ, બસ દોડં દોડં.

કદીક ડાહીનો ઘોડો, તો રમે ઘોડ દોડ,
જાણે શરતનું મેદાન, એમાં બકે હોડ.

કોણ પહેલો, કોણ બીજો, એની જીભાજોડ,
પછી સંતાકુકડી, તો જુઓ ભાંગફોડ.

બ્હાર ગિલ્લીદંડા, એ રમવાના બહુ કોડ
ભલેને આસપાસના કાચની થતી તોડં તોડં.

પણ બંને પૂરા ઉસ્તાદ, કે કોઈના નાકનો મરોડ
કે કોઈનો પગ કે પાંસળી, એમાં ક્યાંય પડે ન ખોડ.

પછી બંને થાકે, અને વીતી જાય પરોઢ
તોયે ઊંઘે, એવી એ બે ભાઈઓની જોડ.

# ઢાંઢિયો

'જાગતા રહેજો, જાગતા રહેજો'
ઢાંઢિયો બોલે નીત.
રાત પડે ને ઢોલકી વાગે
ઢાંઢિયો ગાયે ગીત.
'જાગતા રહેજો, જાગતા રહેજો'
ઢાંઢિયો બોલે નીત.
ગામના લોકના રખવાળામાં
ઢાંઢિયો જાગે નીત.
'જાગતા રહેજો, જાગતા રહેજો'
ઢાંઢિયાનું એ ગીત.
છાનો છપનો ચોરી કરતો
ચોર તો ભૂલે ભીંત.
રાત પડે મધરાત વધે તો
ઢાંઢિયાની એ રીત.
ઢેડની એવી ડુગડુગીમાં
વાગે રોજનું ગીત.
'જાગતા રહેજો, જાગતા રહેજો'
કેવી મજાની ટેવ.
રાતના રાજા ! ઢાંઢિયા રાજા !
તું અમારો દેવ.

# રામજીભાઈ

એ હાલો હાલો,
રામજીભાઈને ગામ હાલો.

કહો ભાઈ, ત્યાં શું શું ચાલે?
મહમ્મદ, રામજી હારે ચાલે,

કુંભાર કેરા ચાક ચાલે,
સૂતરની તરાક ચાલે,

છાશનું વલોણું ચાલે,
ધના પટેલનું કો'લુ ચાલે,

ગામના પાદર પર ચાલે,
ઢોર ને ઢાંખર ત્યાં મ્હાલે,

દુલા પટેલનો કોસ ચાલે,
જોષીડાનો જોષ ચાલે,

પોષનું વાવેતર ચાલે,
કોષ પાણી ખેતર ચાલે,

કડિયાઓનો કૂબો ચાલે,
ગામનો સર સૂબો ચાલે,

ઈંટ પકાવા તાપ ચાલે,
વાંકા ચૂંકા સાપ ચાલે,
ભૂલાભાઈનો ભીમો ચાલે,
સૌ થકી એ ધીમો ચાલે,
એ ચાલો ચાલો,
રામજીભાઈને ગામ ચાલો.

## ગાંડા ઘેલા ગોપાલદાસ

ગાંડા ઘેલા ગોપાલદાસ,
તાંબડું ભરીને પીએ છાશ.
છાશમાં ન નાખે જીરું મીઠું,
એક દી એણે વલોણું દીઠું.
બેઠા એમાં ગોપાલદાસ,
તોય એની છીપી ન પ્યાસ.

# જીવો

મારે બારણે દીવો,
સળગાવે એ જીવો;
સાંજે પડે ને આવે અહીં,
નીસરણી લઈ જીવાભાઈ.

એ દીવામાં નાચું
એટલે બેસી વાંચું,
આવતાં જાતાં જુએ લોક,
કોક કરે ત્યાં ઊંચી ડોક.

એક દિવસ તો સાંજ પડી,
એટલામાં તો રાત ખડી;
રાત પડી પણ દીવો નહીં,
જીવાભાઈ તું ગયો ક્યહીં.

જીવો કાં અહીં આવે નહીં,
દીવો એ સળગાવે નહીં;
કાકાને મેં પૂછ્યું એમ,
જીવાભાઈ ના આવે કેમ?

કાકા કહે, એ ચાલ્યો ગયો,
આકાશે એ રહેવા ગયો;
ચાંદાનો સળગાવી દીવો,
પૃથ્વીને અજવાળે જીવો.

# છગનભાઈના વાળ

છગનભાઈના વાળ,
જાણે વેલાની એક જાળ.
એવા ગૂંચળિયાળા
ઝાડ નીચે બેસે ત્યારે
થડને વીંટળિયાળા,
છગનભાઈના વાળ.

પછી તો જાણે,

એ ઝાડની જ થઈ ગઈ ડાળ.
એ ડાળની થઈ ગઈ ઝાડી.
એમાંથી નવી થઈ એક વાડી.
એ વાડીમાં વાળની વેલ,
એવો છગનભાઈનો ખેલ!

# એને માથે ટાલ

એને માથે ટાલ,
એની બહુ લે સંભાળ.

ઘસે તેલ અનેક,
પણ વાળ ન ઊગે એક.

આખરે એ કંટાળ્યા,
બજારમાંથી 'વીગ' લાવ્યા.

માથે પહેરી નીકળ્યા,
કે હાથ માથા પર સરક્યા.

વીગમાં જૂ, માંકડ ને લીખ,
ચટકે કરડે ઠીક ઠીક.

આખર માથેથી વીગ કાઢી,
અને ભોંય ઉપર પછાડી.

ફરી ટાલને સંભાળે,
અને ફરી ફરી પંપાળે.

# ધોળિયો

ઘોળિયા નામે છોકરે લીધી એક દી મોટી રીસ,
આજથી હું ભૂખ્યો રહીશ ને ખાઉં કે ના કંઈ પીશ.
'ઘોળિયા! અલ્યા ઘોળિયા! શેને આવડી કાઢે રીસ,
દીકરા મારા! બાપલા મારા! કેમ કરી જીવીશ?'
ઘોળિયો બોલ્યો, ઘોળિયો ધીમે, 'મણિ મારી બહેન,
'ખા ને પી!' એ મુજને કહેશે ત્યારે પડશે ચેન.'
'મણકી બોલે ખા તો ખાઉં, ને પી તો કહેતાં પીશ,
મણકી વિના ભાવે ના કંઈ એથી મને રીસ.'
'મણકી ભાઈલા, આવશે કાલે, આજ તો ખાને કાંક.'
'આવશે કાલે! કાલ તો ખાશું, આજ તો ઢાંકી રાખ.'

કાલ વીતી ને વહાણું વાયું, મણકીની ના આશ,
'ભાઈલા મારા કંઈક તો ખાને, બેસને મારી પાસ.'
બે દી વીત્યા, ચાર દી વીત્યા, મણકી આવે નહિ,
ઘોળિયો એવો ભૂખે ભૂખે બહુ ગયો સૂકઈ.
એક દિવસ તો ઘોળિયો ચાલ્યો મણકીને મુકામ,
પોઢેલા એ ઘોળિયાભાઈને મૂકવા ચાલ્યું ગામ.
જમના નામે બાપડીનાં એ બચ્ચાં બેન ને ભાઈ,
જમનામાડી એકલી આજે ખાઈ શકે ન કાંઈ.

# ગાંગજીભાઈ

ગાંગજીભાઈએ લીધી ગાડી,
ફરવા નીકળ્યા, તે ગયા વાડી.
ઘરમાં મળે ન કોઈ,
એ એકલવાયા વીર.
સાથે લીધો ચમચો,
અને તપેલીમાં ખીર.
આવી બેઠા બાંકડે,
આરામ લે લગીર.
બાજુમાં મોટો આંબો,
ઉપર કેરી લટકે.
વાંદરે તોડી ડાળ,
કેરી નીચે પટકે.
ગાંગજીભાઈ તો હરખાયા,
કેરી દેખી લેવા ધાયા.
વાંદરે મારી છલાંગ,
હાથ લીધી તપેલી.
આઘે જઈને એ તો બેઠો.
ખાવા ખીરને પહેલી.
ગાંગજીભાઈની કેરી,
દાંત ખટુંબડા થાય.
વીલે મોઢે ખાલી તપેલી
લઈને ઘર પર જાય!

# વાંદરાભાઈની મોટર

મોટર હાંકવા જાય રે ભાઈ મોટર હાંકવા જાય,
વાંદરાભાઈ એ ભેગા થઈ ને મોટર હાંકવા જાય.

મુંબઈ જેવા મોટા શહેરમાં મોટર શોધવા જાય,
સાત જણા સૌ સાથે થઈ ને મોટર હાંકવા જાય.

એક દીઠી ત્યાં છાપરાવાળી, એમાં ગરમી થાય,
એક એવી કે બે જણ બેસે, એમાં સાત ન માય.

કારખાનેથી કારખાને ભાઈ, વાંદર-ટોળી જાય,
લીલી, પીળી ને ઘેરી ભૂરી છે, આપણા ખપની નો'ય.

સાત બેઠકની લાંબી ગાડી અંતે નક્કી થાય,
સૌથી મોટો હાંકવા બેઠો, પૈડું હાથે સહાય.

બીજો હતો તે ભૂંગળું દાબે, ભોં ભોં કરતી જાય,
મોટર નીચે પૂંછડી નાની આગળની દેખાય.

એક જણે અમળાવી એવી મોટર કૂદકે જાય,
વાંદરાભાઈ તો રોફથી બેઠા હાથનાં બોરાં ખાય.

ગામ બધું એ જોવા નીકળ્યું કોણ સવારી જાય,
વાંદરાભાઈની મોટરગાડી ડાબા જમણી થાય.

ફટ ફટ કરતા પેટ્રોલપંપે તેલ ભરાવા જાય,
તેલ ભરીને ચોપાટીને દરિયે નહાવા જાય.

એક પૈડામાં પંચર પડતા મોટર ફરકી જાય,
વાંદરાભાઈ કહે હવે ના સમજું મૂંઝવણ મોટી થાય.

એકની પાછળ પૂંછડી કેડે બીજો બાંધ્યો જાય,
છેલ્લે પૂંછડે મોટર બાંધી, વાંદરા એંજિન થાય.

કારખાને ભાઈ કારખાને ત્યાં મોટર ખેંચતા જાય,
મોટર હાંકતા વાંદરાભાઈની કેવી મજા કહેવાય!

# વાવાભાઈ

વાવા નામે વાંદરાભાઈને સિનેમાનો શોખ;
પૂંછડે પૂંછડું બાંધી એણે નેકટાઈ બાંધી ડોક.

કાનને છેડે ચશ્મા બાંધ્યા, ચશ્માંનાયે શોખ;
અકડી અકડી વાંદરો ચાલે, ડોકું ખાયે ઝોક.

ટોપી પહેરી, તંગિયો પહેર્યો, લાકડીનાયે શોખ,
અડધી બાંયની ઝબલી પહેરી, જોવા નીકળ્યું લોક.

વાવો ચાલ્યો થિયેટરમાં, હેતો લાકડી ઠોક;
ફર્સ કલાસની ટિકિટ લેતાં, બારી આગળ ડોક.

કુમળી એવી કાયાને પણ જોખાવાના શોખ;
આનીઆ બદલે પાવલું નાખ્યું, મશીનનાયે ભોગ.

ઘંટડી વાગી વાંદરો દોડયો, કરતો ઠોકા ઠોક;
સિનેમાના લોકો જુએ આવ્યો મોટો કોક.

દીવાબત્તી ગુલ થતાં તો વાંદરે પાડી ચીસ;
મેનેજરના માણસોને તો ભારે ચઢી રીસ.

હાય રે હાય આ અંધારામાં દેખ્યું તે શું જાય;
વાવાભાઈ તો હાથ પછાડી ઊંચા નીચા થાય.

ધોળી ધોળી ચાદરનો ત્યાં સામે પડદો એક;
એની ઉપર અંધારામાં આવ્યા લોક અનેક.

કોઈક વાંચે કોઈક નાચે, કંઈક સાચા જૂઠ;
કોઈક ગાતા, કોઈક જાતા, થાય લૂંટા લૂંટ.
કોઈક મારે કોઈક હારે, થાય ફૂટા ફૂટ.
કંઈક ભાગે કંઈક વાગે, થાય તૂટા તૂટ.

એવે પડદે વાંદરો આવ્યો હાથમાં મોટું કેક;
દાંત બતાવી ખાતો ચાલ્યો, વાવો સમજ્યો ઠેક.
હડાક કરતા કુદાકડાથી વાવો કૂદ્યો જાય;
પડદા પરના વાંદરાને તો ચીરી નાખ્યો ત્યાંય.

હોહા કરતાં લોકો દોડે, સિનેમાના ભોગ;
દીવાબત્તી થઈ ગયાં ને, જોતું સઘળું લોક.

ચીરેલા એ પડદા બાજુ વાંદરે ભાંગી ડોક,
ત્યાં પડ્યો તે વાવો હાંફે, પૂરા થયા શોખ.

# ખિસકોલીની જાત્રા

પે'રી ઓઢીને ખિસકોલીબાઈ, જાતરા કરવા જાય.
સૌથી પહેલાં કાશી જઈને ગંગાજીમાં નહાય;

ગાંસડા પીઠે ઊંચકી ચાલ્યાં, આનંદે ઊભરાય,
આગગાડીમાં બેસવા વહેલાં, સ્ટેશન ઉપર જાય.
પે'રી૦

ટિકિટ કઢાવી પ્લાટ પર જાતાં, ધક્કામુક્કી થાય,
ટિકટિયો કહે 'આટલાં પોટકાં, ઊંચકી ના જવાય.'

ગરીબ બિચારી ખિસકોલીને માસ્તર પજવી ખાય,
બે પાંચ આના ઠેસવી દે તો ડગલું ત્યાં ભરાય.
પે'રી૦

કેડે બાંધી કોથળી એના છેડા છૂટા થાય,
કાળમુખાને પાવલી બાળી, બડબડતી એ જાય.

ધમધમ કરતી ગાડી આવી, બારણાં ખૂલાં થાય,
આગળ હેંડને, પાછળ જાને, અહીં જગો નહિ થાય.
પે'રી૦

ટેમ થયો ને પાવો વાગ્યો, ગાડી ઊપડી જાય,
એક બચારે છોકરે દેખી, દીધી જગ્યા ત્યાંય.

થઈ વીસલ ને ગાડી ચાલી ખિસકોલી હરખાય,
ધબડાક ધબડાક ધટ ધમાધમ, ગાડી દોડી જાય.

પવન જેવી અગનગાડી, પાણી પીતી જાય,
ખિસકોલીબાઈ પાટિયે બેસી નીંદર ભેગી થાય.

પે'રી ઓઢી૦

## ખિસકોલી

ખિસકોલી રે ખિસકોલી,
જાજમ મારી જાય ફોલી
એથી બાંધે તારું દર,
ને કરતી મુજને અધ્ધર !

# દેડકાની જાન

નાના કૂવાનો આવડો અમથો દેડકો પ'ણવા જાય,
ભાઈબંધોને નોતરાં દેવા કંકોતરી લખાય.

નાના મોટા ઉંદરડાભાઈ આવ્યા જાનમાં ત્યાંય,
મરઘાભાઈ ને નોળિયાદાસ તે જામામાં શોભાય.

કેડ પિછોડી બાંધતા આવ્યા વહેલા સસલારાય,
જૂની ઓળખના બકરાભાઈ તે આવી મોટા થાય.

કૂકડો આવ્યો, કૂતરો આવ્યો, આવી પેંડા ખાય,
દેડકાભાઈના વરઘોડામાં સૌ કોઈ રાજી થાય.

ઢોલ નગારાં પીપી વાગી જાન તો ચાલી જાય,
ખરેખરું હો, દેડકાભાઈ તો વરરાજા કહેવાય.

જરકશીનો જામો પહેર્યો પાનનું બીડું ખાય,
પાઘડી એવી મોટી ઘાલી માથું એ ન માય.

દેડકાભાઈને જીવતા રાખવા પાણી છાંટવા જાય,
આવી મોટી જાનમાં અલ્યા બૈરું ના દેખાય.

વરઘોડો એ ચાલ્યો તોયે કોઈ ગીતો ના ગાય,
તળાવડીને કાંઠે આવ્યા ઊભા સર્વે છાંય.

દેડકારાજા દડુક દોડે, દેડકી ના દેખાય,
'દેડકીવહુ' એ બૂમો પાડે, વરરાજા મૂંઝાય.

દેડકા અલ્યા પ'ણવા નીકળ્યો ગામફજેતો થાય,
એક પછી એક જાનના લોક ધબ્બા મારી જાય.

દેડકી ! અલી દેડકી ! કહેતાં વરરાજા ખીજાય,
બૂમો પાડી થાકતાં એણે માર્યો ભુસ્કો ત્યાંય.

તળાવડીમાં મોં ઉઘાડી મગરી ઊભી જ્યાંય,
સાસુજીના પેટમાં ઊંડે દેડકો સરક્યો જાય.

# રંગીલી દેડકી

ધૂળિયા નામે ગામને છેડે દેડકી રહેતી એક,
આવડી અમથી દેડકી તોયે શોખ હતા અનેક.

એ થનગન થનગન નાચંતી,
એ રામાયણ પણ વાંચંતી,
એ ગીત ઘણેરાં ગાવંતી,
ને તળાવ તાણી લાવંતી.

ધૂળિયા ગામની અડકી દડકી દેડકી એ અદ્‌ભુત,
સોળ કળાની જાણણહારી કંઈક કરતી તૂત.

એક દિવસ એ લખવા બેઠી, લખે અલૌકિક વાત,
લખતાં લખતાં સૂર સતાવે સા રે ગ મ ના સાત.

અડકી દડકી ચલી સવારી,
સંગીતની જ્યાં સભા ન્યારી;

કોઈ કરે છે તુન તુન તુન તુન,
કોઈ ગવૈયા ગુન ગુન ગુન ગુન.

ઢમક ઢમક ઢમ ઢોલક વાગે,
કોઈ વળી ઊંઘમાંથી જાગે.

જીભ તણા વળી આટાપાટા,
કોઈ મારતા તાન સપાટા;
એક ખૂણામાં પડયો તંબૂરો,
તાર વિનાનો હતો અધૂરો.

એક પિછોડી કેડે બાંધી બેઠો કેંટદાર,
એની આગળ ગોળાકારે તબલાંની છે હાર;
તબલાના ત્યાં સાત સૂરથી તરંગ એ ઉપજાવે,
મનમોજીલી ભલી દેડકી મનમાં તાલ બજાવે.

ડ્રાંઉં ડ્રાંઉં ડ્રાંઉં,
હુંયે તબલાં બજાઉં.

રાત પડી ને ગગનગોખથી તારાનો પરકાશ,
પથરાયો ત્યાં રાગ ઘોળતી મનમાં ધારી આશ;
દઢૂક દઈને ચલી દેડકી, ભીમપલાસી રાગ,
ગાતી ગાતી હીંડે દોડે કોઈ ન રોકે માગ.

ડ્રાંઉં ડ્રાંઉં ડ્રાંઉં,
હુંયે બજાવવા જાઉં.

ત્યાં હતી તબલાંની હાર,
ચાલી દેડકી ત્યાં તત્ વાર.

દડુક દઈને 'સા' પર કૂદી, 'સા'થી 'રે' 'ગ' 'મ',
'રે' ઉપરથી એ પાય પછાડી તરતી 'ધ','પ', 'મ'.

એમ કરંતા બધા સૂર વાગી રહ્યા,
સૂર પર સૂરની છોળ વાગે;

એક એકાંતરે સૂર બાકી હતો,
રિષભ ને કોમળ જાય આગે,

એક કપાતર એવો ભૂંડો, એણે દીધી થાપ,
એક તબલાની કાળી કીકી, ત્યાં મૂક્યો'તો કાપ;

દડિમ્ દઈને દેડકી કૂદી, સૂર ન વાગ્યો જાય,
તબલાને પેટાળે પેંધી પડી પડી પસ્તાય.

# કીડી

ધૂળિયા ગામની કસબી કીડી
સ્વર્ગે જવા જાય,

પાદર ઉપર વળાવવાને
કીડિયારું ઊભરાય,
રે ભાઈ કીડિયારું ઊભરાય.

નાનકી કીડી, મોટકી કીડી,
લોટકી કીડી, પોટકી કીડી,
પીંપળીઆથી, બાવળીઆથી,
લીમડાના ઉંદર-દરમાંથી,
વડવાઈએ વડટેટામાંથી,
મરઘાભાઈના ફેંટામાંથી,
ઊજમના અંબોડામાંથી,
ચાદાનીના મોઢામાંથી,

કીડિયારું ઊભરાય
રે સૌ વિદાય દેવા જાય,
હે ભાઈ કીડિયારું ઊભરાય!

મટડી આવી, કટકી લાવી,
ચંદનને ચટકતી આવી,

છાની માની સટકી આવી,
ગાગર બે પટકતી આવી,
ઉનમ આવી, પૂનમ આવી,
બાળક બે લટકાવી લાવી,
લટક મટક થૈ બટકી આવી,
ગામમાં થૈ ભટકતી આવી.
કોઠી જેવી ભીમપલાસી
સૌ કોઈ કરતા એની હાંસી,
તોયે એ મલકતી આવી,

કીડિયારું ઊભરાય,
રે ભાઈ કીડિયારું ઊભરાય.

ધૂળિયા ગામની કસબી કીડી સ્વર્ગે જવા જાય,
પાદર ઉપર વળાવવાને કીડિયારું ઊભરાય,
રે ભાઈ કીડિયારું ઊભરાય.

આગળ જતાં ગયા સૌ છોડી
રસ્તે મળ્યાં મંકોડા-મંકોડી,

કહે મંકોડા :

અમારે પડી એક તકરાર,
એનો કેમ કહું હું સાર.

લપલપિયણ ને કટકટિયણ આ મારી વહુ મંકોડી;
માથું મારું ખંવાઈ ગયું, જે મળે ન એની જોડી,

કીડીબાઈ ઊંચકી લ્યો મને ખાંધે,
મારે આવવું છે સંગાથે.

કીડીબાઈ ખાંધે ઊંચકીને ચાલે
ઉપર મંકોડાભાઈ મ્હાલે.

ધૂળિયા ગામની અસલી કીડી સ્વર્ગે જાવા જાય,
મારગ ઉપર જતી સવારી સૌ જોવા ઊભરાય.

આગળ ચાલ્યો જરી જુઓ સંઘ,
આવી મળ્યો નવો વળી બંગ.

દેડકો દેડકી લડી પડયાં ભાઈ,
લઢતા રસ્તે આવી ચઢયાં ભાઈ.

દડુક દઈને દેડકો બોલ્યો, અમને લ્યો સંગાથ
ઈહ સંસારે, વારે વારે, ખાવી સ્ત્રીની લાત.

મારી પાછળ એ પણ આવે, ભાર ન તમને ખાંધે;
જંપીને બેસીશું સાથે, કર્યો ધરમ તે હાથે.

વિચાર કરવા કીડી માંડે, તે પહેલાં તત્ વાર,
મંકોડાની પીઠ ઉપર તે થઈ બેઠા અસવાર.

કીડીબાઈ ખાંધે ઊંચકીને ચાલે,
ઉપર ત્રણે જણા જો મ્હાલે.

એમ કરતાં વળી સંઘ આગળ જતાં,
જો મળ્યાં ત્યાં વળી ભગત મોટા,

અંગ ભગવાં ધર્યાં, હાથ માળા ફરે,
જીભથી બોલતા નામ ખોટાં;

ભગત શિયાળ તે સંઘને દેખતા,
ગરીબ થઈ બેસતાં ભજન ગાતાં,

રામનું નામ છે એ ઘણું કામનું,
સ્હાય આવે સદા સ્વર્ગ જાતાં.

છલંગ મારી દેડકા પીઠે બેઠા શિયાળભાઈ,
હાથે માળ જીભે રામ, નવી જુઓ નવાઈ.

કીડીબાઈ ખાંધે ઊંચકીને ચાલે,
ઉપર ચારે જણા જો મ્હાલે.

એવે આવ્યું મોટું એક ઝાડ,
ડાળે બેઠો વાનર કરે લાડ.

એણે ડુંગર આવો જેવો દીઠ,
છોડી ડાળ બેઠો શિયાળની પીઠ.

એમ કરતાં બધો સંઘ ચાલ્યો જતો,
વાઘ આવી મળ્યો તેય બેઠો.

વાઘની પીઠ પર સિંહ સ્વારી કરે,
સાપ એ જોઈ દરમાંહી પેઠો.

સ્વર્ગને પંથ આ સંઘ ચાલ્યો જતો,
માર્ગમાં ત્યાં મળ્યો એક હાથી,

સૂંઢ ઊંચી કરી સિંહની પીઠ પર,
એ થયો સર્વનો સ્વર્ગ-સાથી.

કીડીબાઈ ખાંધે ઊંચકીને ચાલે,
ઉપર બેઠા બેઠા બધા મ્હાલે.

એમ આવ્યાં સ્વરગને દ્વાર,
એની શોભાના નહીં પાર,

ત્યાંહી ઊભા જુએ દરવાન,
બોલ્યા, 'કોની આવી આ જાન.'

દેખી કીડી દરવાજા ખોલ્યા,
જાન જોઈ દરબારી બોલ્યા,

'ચાલી આવ્યા પોતાને પગ,
એને માટે છે અહીંઆ વગ.

કીડીબાઈ તે અંદર આવે,
બાકીના બધા પાછા જાવે.'

અને પછી તો જાણે તૂટયો આખો મ્હેલ,
ત્યાં તો આખરમાં, જોવા જેવો થયો છે ખેલ.

ગરબડ ગરબડ
દડબડ દડબડ

ધડ ધડાધડ, જીભે ફડફડ
ભેગા થઈ સૌ કરે છે બડબડ,

પછી તો ભાઈ બધાયે સડસડ
ધડધડ ભોંયની ભેગા અડબડિયાં સૌ ખાય,
બહાદૂર એવા સૌ કોઈ ખડખડ પાદર ઉપર પછડાય.

ભોંય પડયા સૌ ભગત-લોકને જોવા ભેગા થાય.
ધૂળિયા ગામનું દોડયું દોડયું કીડિયારું ઊભરાય.

રે ભાઈ કીડિયારું ઊભરાય,
રે ભાઈ કીડિયારું ઊભરાય.

# કીડીનું ગીત

નાનાં છોકરાંઓ સૌ ગાઓ કીડીનું ગીત,
વાયુ વાય ને વાદળ ઘૂમતાં જાય ગગનમાં નીત.
રે સૌ ગાઓ કીડીનું ગીત.

વાદળાંઓ ત્યાં ભેળાં થઈ ને ગાય ગગનમાં ગીત,
વાદળાંઓનું ગીત તો મોટું, નાનકડું આ ગીત.

ઘન ઘોરંબે, મેહુલો ગાજે, ગરજે હાહાકાર,
એક ટીપું તો ઘરમાં જાતાં દરના ત્યાં શા ભાર?

દાણો દૂણી થમણી બાંધી કીડીઓ ઉભરાય,
પાંખ વિનાની કીડીઓ તે થડ પર ચડવા જાય.

ગડગડાવી ધડ ધડાધડ વરસે મૂશળધાર,
આવડી અમથી કીડીનાં ત્યાં ડૂબ્યાં ઘર ને બાર.

સાતસાત માળની ગામની મોટી હવેલીઓ ઉભરાય
આટલી અમથી કીડીબાઈની ક્યાંઈ જગા ન થાય.

નાનાં નાનાં છોકરાંઓ સૌ ગાઓ દુખીનું ગીત,
આવડી અમથી કીડી સામે કુદરતની શી રીત?

# કીડીને કણ

કીડીને કણ,
હાથીને મણ;
રોજ રોજ જોઈએ,
ખાવાને ચણ.

# કીડીને કણ, હાથીને મણ

કીડીને કણ,
હાથીને મણ.

ભીમજીભાઈને તો ભર્યા ભંડાર,
છપ્પન ભોગ ઉપર ઘીની ધાર.

ખાય પીએ, પીએ ને ખાય,
તોય એને સંતોષ ન થાય!

# હોડીમાં મંકોડી

એક હતી મંકોડી,
એને રમતાં જડી કો કોડી.

ધૂળિયા ગામના પાદર ઉપર એક સરોવર છલકે,
મંકોડી ત્યાં પહોંચી જઈને દેખી મનમાં મલકે.

જઈને એણે કોડીની ત્યાં ભલી બનાવી હોડી,
ચાંદરણાંની ચાળેલી તે જળમાં તરવા છોડી.

પાણીના પારેવા જેવી તળાવમાં એ ડોલે,
મંકોડીનું હૈડું ત્યારે જાણે ચઢતું ઝોલે.

હોડીના ખૂણામાં ત્યારે એક સૂતી દુખિયારી,
નાની સરખી જૂ હતી તે રડતી આંસુ સારી.

મંકોડીએ જૂને લીધી ખોળામાં પંપાળી;
આંસુ એનાં લૂછી બોલી: 'દુખ તારું દઉં ટાળી.'

આંસુનું ઉભરાયું ત્યારે એક સરોવર મોટું,
કોડીની હોડીમાં જાણે કંઈક બને છે ખોટું.

એવી હતી એ રૂડી મંકોડી,
બેઠી કેવી બનાવી હોડી!

જૂ ત્યાં જીવ જરીકે ખોલી,
વાયક ત્રૂટયા ફૂટયા બોલી;

અંજુલા ને મંજુલા
મત્સલા ને વત્સલા
લીલી નીલી હોઢ કપિલા
બહેનપણીની ટોળી
નહાય ન માથું ચોળી.

મોતનબાઈના માથામાં તો બંધાયા'તા માળા,
મારા જેવી કંઈક જૂના કરોળીઆનાં જાળાં.

જાળાંની અંદરથી કોર્યાં દરની અંદર દર,
ખરું પૂછો તો માથું જાણે ઉંદરભાઈનાં ઘર.

એક દિવસ હું દરમાં થઈને બહાર ફરવા ગઈ'તી,
જંગલમાંથી રસ્તો કાઢી કાન ઉપર હું રહી'તી.

મોતનબાઈના હાથમાં તો એક રૂપાળું બોર,
છૂરી લઈને કાપ્યું ત્યારે નીકળી ઈયળ જોર.

અધવચેથી એ કપાતાં વલખાં દેખી એના,
કાન ઉપર મેં ચટકો માર્યો, મોતનબાઈ તો શેના.

આમ જુએ ને તેમ જુએ એ મારી ઝાટક એવી,
મોંમાં બોર, હું પટકાણી, કોડીમાં હું તેલ.

કરે મંકોડી હોડીની સહેલ,
જાણે નરસૈં મહેતાની વહેલ.

આસો–માસો
દઈ દિલાસો

મંકોડીએ નાંખ્યો પાસો,
માથા ઉપર તારો વાસો.
આજ હવે તું થઈ અટૂલી,
તારો મારગ છે તું ભૂલી;

કોણ કરે તારો ઉદ્ધાર,
એક હું તારો છું આધાર.

કેવી રૂડી! હોડી-સહેલ,
જાણે જળમાં રાજમહેલ,
મને લાગી છે મોટી ભૂખ,
તારું દૂર કરું હું દુઃખ.

એમ કહીને મંકોડીએ મૂકી મોઢામાંય,
કોડીની હોડીમાં ફરતી મંકોડી મલકાય.

## મારી વરસગાંઠ

સૂરજદાદા બારણે અજવાળે મારાં ફૂલ,
સોનાની રૂપાળી બાંધે કિરણોની ઝૂલ.

વાયુ મીઠો વાય આજે પંખીનો સંગાથ,
સૌ કોઈ જાણે મારી આજે આવી વરસગાંઠ.

# હસવા દો

હસવા દો, ભાઈ, હસવા દો રે,
અમને હસવા દો.

માંકડાં જેવાં મોઢાં કીધાં,
મોટા મોટા ભેંકડા લીધા,
ધસક ધસક ડૂસકાં દીધાં,
અમને હસવા દો.

કકળી કકળી રોયા કીધું,
ઘૂંટડોયે ના પાણી પીધું,
રીસ મહીં ના ખાધું પીધું,
અમને હસવા દો.

હા હા હા હા, હા હા હા હા,
હી હી હી હી, હી હી હી હી,
મલકી મલકી ખડખડાવી,
અમને હસવા દો.
અમને હસવા દો.

# બાબીબહેન

બબલી બેઠી બારણે,
ઢીંગલી મૂકી પારણે,
બબલીનું નામ બાબી,
હીરની દોરી લાંબી.

રોજ સવારે ના'તી,
બબલી બહુ હરખાતી,
હાલરડું એ ગાતી જાય,
આનંદે ઉભરાતી જાય.

'હાલાં રે હાલાં!
બોલ બોલું કાલા;
બાબીબહેન તો વહાલી,
આપું એને વાળી.'

'હાલાં રે હાલાં!
બાબીબહેન તો વહાલાં;
એ તો એવી સુંદર,
આપું એને કુંડળ.'

'હાલાં રે હાલાં!
આપું ફૂલની માળા;
રોજ બાબી રમવા જાય,
આકાશે ડગ ભરવા જાય.'

'હાલાં રે હાલાં!
બાબીના વાળ કાળા;
બાબી પહેરે ઝબલું,
રમવા આપું સસલું.'

બબલી ગીત ગાતી જાય,
ઊંઘમાં ઘેરાતી જાય;
બબલી-બાબી ઊંઘી ગયાં,
ભર નીંદરમાં ડૂબી ગયાં.

# કૂચગીત

ચલને દો જી ચલને દો,
જલદી જલદી ચલને દો,
બડી ફજરસે ચલને દો,
સીધી નજરસે ચલને દો,
ચલને દો જી ચલને દો.

ધૂન મચાકે ચલને દો.
આગે આગે ચલને દો.
દમ ભરાકે ચલને દો.
ઘૂમકે ઘૂમકે ચલને દો.
ચલને દો જી ચલને દો.

ધીમે ધીમે ચલને દો.
ચૂપકે ચૂપકે ચલને દો.
હાથ મિલાકે ચલને દો.
સબકી સાથ હો ચલને દો.
ચલને દો જી ચલને દો.

## ઢીંગલીનો દેશ

ઢીંગલીનો દેશ; ઢીંગલીનો દેશ;
રૂડો રઢિયાળો મારો ઢીંગલીનો દેશ.
ફ૨૨ ફ૨૨ ફૂદડી ફરું,
ફૂઉઉઉ ફૂઉઉઉ ફૂકડી કરું,–
લટક લટક લટકા કરું;
મટક મટક મટકા કરું – ઢીંગલીનો૦
પવન સાથે રમતો રમું;
ભવન ભવન ભમતી ભમું–
ગગનમાંયે ઘૂમતી ઘૂમું;
બાળકોને બહુએ ગમું – ઢીંગલીનો૦

## કાળાં વાદળાં

આમ તો કાળાં વાદળાં,
એને કદી ન આવે આંચ,
પણ ચકલી-ચકલે ઊડતાં ઊડતાં
વાદળામાં મારી ચાંચ,
અઢળક પડ્યાં કાણાં,
એમાંથી વરસ્યા મેઘના દાણા.

## કિલકિલાટ

કિલકિલાટ છલબલાટ
છનનનનન છમ્,
થનન થનન થનગનાટ
વારે વારે વલવલાટ–
છનનનનન છમ્.
બાળકોની એવી વાત
પંખીઓની જાણે જાત,
રૂડી રૂડી એમાં ભાત–
છનનનનન છમ્.

## નટબાળ

હું તો નાનું નટબાળ, નિત્ય નાચું સહી;
નાચું સહી, સૌ નચાવું સહી–હું તો૦
હું તો જગનાં સૌ બાળકો કુદાવું અહીં;
એને વાયુની પાંખે ઉડાવું ક્યહીં–હું તો૦
ખોલું સકળ બાળકોની જાદુભરી આંખડી;
મહેકભરી ખીલે એની ફૂલની જાણે પાંખડી;
એને સોણલાંની ભૂમિ બતાવું ત્યહીં–હું તો૦

# અમે રમકડાં

અમે રમકડાં, અમે રમકડાં, પડઘમચી ને વાનરભાઈ,
ગામની ગાયો, ડાહીનો ઘોડો, બંદૂકવાળો બનું સિપાઈ.
સિંહ ને સસલું, મોરલો મરઘી, બબલો ને વળી બબલીબાઈ,
ઘર ઘર જાશું, ઘર ઘર ફરશું, રમત ગમત નવી નવાઈ.
મજા મજા છે, એવી મજા છે, કેવી મજા કે વાત નહિ,
ધીંગમ ધીંગા કૂદમ કૂદા, આજ દિવસ કે રાત નહિ.
ખાશું, પીશું, મજા કરીશું, અમને કાંઈ પંચાત નહીં,
બાળક સાથે દોસ્તી બાંધી, આકાશે નિત ઊડશું ક્યહીં.

# લીમડો

લીમડા લીમડા! તારી રે ડાળ,
ઝોલે ઝૂલે છે મારો રે બાળ.
લીલુડા લીમડા! તારી રે ડાળ,
તારે રે છાંયડે મારો રે બાળ.
લીલુડા લીમડા! વાયુ તું ઢાળ,
સુખે પોઢે છે, મારો રે બાળ.
લીલુડા લીમડા! લેજે સંભાળ,
ડાળે બાંધેલા પારણીએ બાળ.

# મેઘ-ધનુષ

મેઘ-ધનુષ! આ મેઘ-ધનુષ
જોઈને હૈયું થાયે ખુશ,
સાત રંગના મેળ મળ્યા
કોઈથી એ નવ જાય કળ્યા.

એ કમાનની પેલે પાર
વર્ષાનાં આવ્યાં ઘરબાર;
એમાં છે વીજળીનો વાસ;
અજવાળે દિશા ચોપાસ.

વિધવિધ રંગી મેઘ-ધનુષ
દેખી દેખી થઈએ ખુશ;
વીજળીનાં વસ્ત્રોનો રંગ;
સાત રંગનો એ જ તરંગ.

# સપનાં વીણવા જાઈં

સપનાં વીણવા જાઈં રે
ભાઈ, સપનાં વીણવા જાઈં.
છોકરાં છૈયાં એકઠાં થઈને
સપનાં વીણવા જાઈં.
લાખ ટકાનું સપનું લાવી
બાંધશું મોટા મહેલ;
એવડો ઊંચો એવડો ઊંચો,
કરશું ઊંચે સહેલ.
સપનાં લઈને સપનાં સાથે
કરશું ભેળંભેળ;
સપનાં વેર્યાં સપનાં લ્યો ભાઈ
સપનાંના આ ખેલ.
સપને સપનું ગૂંથીને બે
રચશું સપનાં-જાળ;
એમાં રમવા પકડી લેશું
સૌ જગતનાં બાળ.
સપનાં વીણવા જાઈં રે
ભાઈ, સપનાં વીણવા જાઈં.

# ડોશી

ડુંગર ઉપર ડોશી,
એણે બોલાવ્યો જોષી.

ડુંગર નીચે ઊભો રહ્યો,
ઊંચે ડોશી જોતો રહ્યો.

ડોશી કહે, તું ઉપર આવ.
જોષી કહે, તું નીચે આવ.

'નીચે તો હું આવું નહીં.'
'ઉપર તો હું જાઉં નહીં.'

બેયે માંડી હોડાહોડ,
મમતની બે જોડાજોડ.

એવે તો પગ સરી પડયા,
ને ડોશીબાઈ નીચે ઢળી પડયાં.

# બરફનો પંખ

આઇસ બરફનો પંખ,
જાણે ધોળો ધોળો શંખ;
પૈસાવાળાનો એ પંખ,
નાખું લાલ લીલો હું રંગ.

પોપટ પંખીનો આ પંખ,
ભીનો રે ભીનો આ પંખ;
બરફ ભૂકાનો આ પંખ,
ટપકે ટીપાંનો આ પંખ.

જોવા જેવો છે આ પંખ,
ખાવા જેવો છે આ પંખ;
પીવા જેવો છે આ પંખ,
લેવા જેવો છે આ પંખ.

એક આનાનો આ પંખ,
એમાં ચાર જુદા છે રંગ;
ઠંડો ઠંડો છે આ પંખ,
મીઠો શરબતિયો આ પંખ.

## એવા એનાં બટન

એના કોટનાં બટન,
એકેક, એકેકથી વધે બબ્બે ટન,
એના કોટને બટન બાર,
એટલે કુલ્લે વજન બાર હજાર.
એ પહેરે તો કોટ ન ઊંચકાય,
અને પડે તો ભોંય પછડાય.
એવાં એનાં બટન,
ગણો તો થાય ડઝન.

## લેંઘાભાઈના પગ

લેંઘાભાઈના પગ
એના લાંબા લાંબા ડગ.
તે વધ્યા જાય તે વધ્યા જાય.
એનું માપ તે કેમ અંકાય?
એમાં થયો વાદવિવાદ,
વાત વધી ને થયો ફિસાદ.
પછી લેંઘાભાઈને લાગ્યા,
અને ત્યાં પગલાં ભરાવ્યાં.
એણે ડગલું ભર્યું આબાદ,
એક પડ્યું મુંબઈ, બીજું અમદાવાદ!

# ધૂપસળી

મેં ધૂપસળી બે બાળી છે,
એની સુગંધ તો બહુ સારી છે,
મેં ધૂપસળી બે બાળી છે.

મારો ખંડ એથી મહેકે છે,
ધૂપદાની કેવી લહેકે છે,
મારો ખંડ એથી મહેકે છે.

અંધારે એ ચળકે છે,
મારી સામું મલકે છે,
અંધારે કેવી ચળકે છે,

ઓ ધૂપસળી! ઓ ધૂપસળી!
ભણતાં પહેલાં તું જ ભલી.
મેં ધૂપસળી સળગાવી છે,
એ મહેક મધુરી લાવી છે.

# મોતીની માળા

દરિયો રમે છે માથે,
આ માછલીઓ સાથે,
મોતી પરોવું ન્યારાં.

દરિયો ઘૂમે છે રાતે,
જળદેવડી સંગાથે,
મોતી પરોવું મારાં.

ઘૂઘૂઘૂઘૂ : ઘૂઘૂઘૂઘૂ
દરિયો ઘૂમે છે માથે,
મોતી પરોવું હાથે,
મોતી તણી આ માળા.

ને એક દી' પ્રભાતે,
આવીશ હું ત્યાં જાતે,
મોતી લઈ રૂપાળાં.

# સાગર-તળિયે

નિંદરમાં હું ભૂલી પડી;
ભરદરિયે હું ડૂબી પડી.

મોટા મગર આવી મળ્યા,
નામ પૂછી સૌ પાછા વળ્યા;
સરરરર સરરરર હું તો સરું,
ફરરરર ફરરરર ફૂદડી ફરું.

દરિયા-તળિયે દીઠો મહેલ
માછલીઓ ત્યાં કરતી સહેલ,
મોતીના ત્યાં પૂર્યા ચોક,
પરવાળાંના દીઠા ગોખ.

ઝગમગ ઝગમગ ઝગ્યા કરે,
કુંવરી ત્યાં એક રમ્યા કરે;
ચાંદા જેવું મોતી એક,
છીપલીઓ ત્યાં પડી અનેક.

કુંવરી બોલી, આવો બહેન,
આંખોમાં તો આવે ઘેન;
'ક્યાંથી અહીંયાં ભૂલાં પડયાં,
મહેલ અમારા ક્યાંથી જડયા?'

'વારુ! લ્યો આ મોતીમાળ,
બાંધો તમ રેશમિયા વાળ;
ને આ ગૂંથ્યો મોતીહાર,
ધારો તે કંઠે નિરધાર.'

મોતી લેવા હું કર ધરું,
દરિયેથી હું ઘેરે ફરું;
એ તો સપનું ઊડયું જાય,
જાગું ત્યાં તો વહાણું વાય.

# રમકડાંનો દરબાર

બબુએ ભર્યો ઘર બહાર
ર મ ક ડાં નો દરબાર.

મગી લાવી કૂતરો,
ગગી લાવી ઘૂઘરો;

મની લાવી મોટર
નન્ની લાવી શોફર.

હરુ લાવી ઘોડી,
સરુ લાવી હોડી.

કપિ લાવી તોપચી,
પપી લાવી પડઘમચી.

કીકી લાવી પૂતળું,
ભીખી લાવી ભૂંગળું;

અંકી લાવી આગગાડી,
બંકીએ એને ભગાડી.

બબી લાવી બિલાડી,
કબીએ એને સુવાડી.

નૂરી લાવી મરઘો,
ભૂરી લાવી ચરખો.

બાવલી તો કોઈ લાવ્યું નહીં,
એના વિના શું શોભે અહીં.

બબુ ઝભલું પે'રી લઈ,
બાવલી થઈ ને બેસી ગઈ.

## અક્કલ બડી કે ભેંસ

અક્કલ બડી કે ભેંસ?
પગમાં વાગી ઠેસ,
ભેંસ ગઈ પડી,
તો અક્કલ કહે, હું બડી.
ત્યાં ભેંસે કહ્યું :
તું જ મને નડી!

# ચકલીનાં બચ્ચાં

એક પંખીની ટોળી,
એમાં ચકલી બોલી;
ચકલી કહે, હું નહાવા જાઉં,
ચકલો કહે, હું ફરવા જાઉં.
ચકલીબચ્ચાં રહી ગયાં,
ચકલો-ચકલી ઊડી ગયાં.

ચકલીબચ્ચાં ચીંચીં કરે,
ખાધા વિનાનાં ભૂખે મરે;
ચીંચીં ચીંચીં કીધું,
શિકારીએ સાંભળી લીધું.
શિકારીએ નાખી જાળી,
બચ્ચાંની ભૂખ ટાળી.

બચ્ચાં મૂકયાં પાંજરે,
ચકલો આવ્યો સાંજરે.

માળામાં કોઈ મળે નહીં,
ચકલી પણ ના દેખી કયહીં;
એવે ચકલી પાછી વળી,
ચકલાને એ સામી મળી.

માળો દીઠો ખાલી,
પાસે દીઠી જાળી;
તરત વાત તે સમજી ગયાં,
બચ્ચાં વિનાનાં રડતાં રહ્યાં.

# સ્વપ્નું

આંખો મીંચો જ્યારે,
ઊંઘ આવે ત્યારે;
પાંપણનો તો પડદો થાય,
નાટક રાતોરાત રચાય.

એમાં આવે દેવનાં બાલ,
સાથે લાવે ફૂલના ફાલ;
એનો તો શણગાર સજે,
ને નાટક ત્યાં નવું રચે.

વસ્તુ લાવે અપરંપાર,
ચાર દિશાની પેલી પાર;
ઊડયા ઊડયા જાય સહુ,
નાટક તો ભજવાય બહુ.

ત્યાં નાચે ને ગીતો ગાય,
ને વગાડે વાજાં ત્યાંય;
આંખ ઊઘડતાં ઊડી જાય,
નાટક આખું પૂરું થાય.

એનું નામ તે સપનું,
આપણા સૌના ખપનું;
સૌ કોઈ સપનાં જુદાં જોય,
કોક વેળા બે એક જ હોય.

# જાંબુ અને આંબો

જાંબુનો જે ઠળિયો,
તે જમીનમાંથી ફળિયો.
એટલે થયો જાંબુડો,
નીચે બેઠો આંબુડો.

ભલે તું હો જાંબુડો!
મારું નામ છે આંબુડો.
આપ તો કેરી આપ,
નહીં તો થડ પર મૂકું કાપ!

જાંબુડાએ જાંબુ વેર્યાં.
પણ આંબો જેનું નામ;
જાંબુ જોઈને હાથ ખંખેર્યા.
કર્યું ડહાપણનું કામ.

રાખવા પોતાનો વટ
થડ પર વહેરી કરવત,
કે થડ નીચે એ ઠામ!

# વાજાં

ઢોલ નગારાં વાગે છે,
કોણ કહો ભાઈ, જાગે છે?

એક શરણાઈ વાગે છે,
કોણ કહો ભાઈ, જાગે છે?

એક પડધમ વાગે છે,
કોણ કહો ભાઈ, જાગે છે?

એક વાંસલડી વાગે છે,
કોણ કહો ભાઈ, જાગે છે?

ખણખણ ખંજરી વાગે છે,
કોણ કહો ભાઈ, જાગે છે?

વાજાં કહે, હું વાગું નહિ,
મોહન કહે, હું જાગું નહિ.

એ ઊંઘણશી એવો
આળસુ એ તે કેવો!

વાજાં વાગે જોરથી,
મોહન ઘોરે પો'રથી,

ઢોલ નગારાં તૂટી ગયાં,
મોહનના કાન ફૂટી ગયા.

## બજરબટ્ટુ

એનું નામ તો જાણે નટ્ટુ,
પણ કહેતા એને બજરબટ્ટુ.
ટટ્ટુ ઉપર બેસે, દહીં ખાવામાં લટ્ટુ,
ટટ્ટુ ઉપરથી ભોંય પડયો,
એટલે નાકનું ટીચકું કટ્ટુ.
અને તે દિવસથી સ્વભાવનો એ ખટ્ટુ !

## વાળની લટ

વાળની લટ,
અને બાળકની હઠ,
બેની વાત જ નહીં થાય,
ભલેને દુનિયાનાં રાજપાટ જાય.
બાળકની હઠ,
કદીક જાય ઝટ,
પણ વાળની લટ,
એ તો ભારે નટખટ,
ઝૂલ્યા જ કરે, બસ ઝૂલ્યા જ કરે.
કપાળ પર છત્તર ધર્યા જ કરે.

## ગુમાનસિંહ

ગુમાનસિંહ તે ગૌવાં ચરાવે,
ચરાવે તો ચરાવે પણ મનફાવે ત્યાં જાય.
એક દી ગયે વે ખન્નાજીકે ખેતર.
તો જે પીઠ પર પડી છે દસ દસ નેતર.
ગૌવાં ભલે ચરે પણ ત્યાંના જમાદારે
ગુમાનસિંહને પાઠ શીખવ્યો ફરી ન પધારે.

## નવી તરેહની મૂછ

એક નવી તરેહની મૂછ
એને ડાબી–જમણી બે પૂંછ.
એક તે એક દી નીચે જાય,
બીજી બીજે દી ઊંચી થાય.
પણ કોઈ દી બે સીધી ન થાય.
થાય તો તરત ઊંચેનીચે જાય!

# ઉંદરભાઈનું માળિયું

ઉંદરભાઈના માળિયામાં
કંઈક ગરબડ થાય રે,

ચુંચું ચીંચીં બોલે ઉંદર,
કંઈક તડતડ થાય રે.

એક ઉંદરડી જોવા આવી
દડબડ દડબડ થાય રે,

હાય રે બાપ! સૌ જાગો જાગો,
ભડભડ ભડભડ થાય રે.

ઉંદરડા સૌ જાગી ઊઠ્યા,
ગરબડ ગરબડ થાય રે,

જુએ ત્યાં તો માળિયું આખું,
પડપડ પડપડ થાય રે.

માળિયામાંની વાંસની જાળી,
તડતડ તડતડ થાય રે,

આગ રે લાગી આગ રે લાગી,
ભડભડ ભડભડ થાય રે.

આંખો મીંચી ધુમાડાથી,
ઉંદર સૌ ગભરાય રે.

ધડાક દઈને શેઠની ખાટે,
ઉંદર ભુસ્કા ખાય રે.

ફડાક દઈને શેઠિયો જુએ,
માળિયું બળ્યું જાય રે,

બાલદી ભરી સીંચે પાણી,
આગ પછી હોલવાય રે.

શેઠે જાણ્યું ઘર બચ્યું,
ને માળિયું નવું થાય રે,

ઉંદરડા તો રાજી થઈ ને,
એમાં રહેવા જાય રે.

# ૭ ગોરા લોક

છયે ગોરા લોક,
જોવા ગયા કોક;
મોટો એક હાથી,
છયે અંધા સાથી,

એકે હાથી પીઠ,
સા'એ માની લીધ;
જાણે મોટી ભીંત,
અંધાની એ રીત.

એક ગોરાએ હાથ,
મૂક્યો હાથી-દાંત;
ગોળ લીસું ને તીણું,
માન્યું ભાલું ઝીણું.

ત્રીજે લીધી સૂંઢ,
નથી આ કંઈ ભૂંડ;
બોલ્યો આ તો સાપ,
નાસો રે ઓ બાપ!

ચોથે ઝાલી જાંગ,
મોટી જાણે ડાંગ;
બોલ્યો એ તો ભડ,
હાથી ઝાડનું થડ.

પાંચમે ઝાલ્યો કાન,
એને આવી સાન;
હાથી કેવો માન,
પંખી જેવો જાણ.

છઠ્ઠે ઝાલી પૂંછ,
મનમાં પડી સૂઝ;
શોધી કાઢી વાત,
એ દોરડાની જાત.

છયે ગોરા લોક,
ઇંગ્લેંડનાયે ભોગ;
કહે જુદી વાત,
ને કરે લાતાલાત.

---

આખું 'સીકસ મેન ઓફ હિંદુસ્તાન' ઉપરથી જ રચેલું છે.

# એરોપ્લેન

'મામા ! આ શું એરોપ્લેન,'
એવું પૂછે કીકીબેન.
'માથે ગોળ ફર્યાં કરે,
આકાશે કેમ, તર્યાં કરે !'

કાકા બોલ્યા ઊંચું જોઈ,
ત્યારે દીઠું એમાં કોઈ;
ફેંકે એ કાગળનાં ફૂલ,
પવનમાં ફરફરતી ઝૂલ.

એમાં છે એ માણસ, બેન!
હાંકે છે એ એરોપ્લેન,
સૌથી પહેલાં સુપડા સાથ,
ઊડી'તી માણસની જાત.

પછી હવાનો કર્યો દડો,
ઊંધો રાખી ગોળ ઘડયો,
શીકું ત્યાં બાંધીને એક,
બેસી એમાં ઊડયા છેક.

કાપીને શીકાની દોર,
ઊતરે એ છત્રીને જોર;
એનું નામ ખરું બલૂન,
દેખ્યું'તું મેં બેનમૂન.

આડા બે મૂકીને પાટ,
વચ્ચે જો બેઠકનો ઘાટ,
ફરફરતું પંખાનું વહેણ,
પાંખાળું એ એરોપ્લેન.

દરિયા, ડુંગર કૂદી જાય,
વાદળ, સાગર, ખૂંદી જાય;
ડાક–મુસાફર લાધી જાય,
સામાન સર્વે બાંધી જાય.

દેશ દેશાવર હાલ્યું જાય,
ઘુઘ્ઘઉ કરતું ચાલ્યું જાય;
બહુ ઝડપની એની ચાલ,
ઊડશું એમાં આવતી કાલ.

# રેડિયો

આ શેની પેટી,
શાથી એ લપેટી;
એમાં શું આ દીવા થાય,
એમાં બેઠું કોણ ગાય?

ચકરડાં બે ફેરવું,
નંબર તો હું ઠેરવું;
નાનો મોટો થાય અવાજ,
પહેલાં તો તું સાંભળ આજ.

દેશાવરનો સમાચાર,
એથી તો ચાલે વેપાર;
ગાનારા સૌ ગીતો ગાય,
વાજાં પણ વગાડી જાય.

ભાષણોયે જાત જાત,
થાય એમાં રોજ રાત.
કોઈક દિવસ બાળ-વાત,
સાંભળશું નક્કી સંગાથ.

પવનનાં આ મોજાં,
લાવે સૌ આ બોજા;
પેટીમાં ઉતારી જાય,
ને એનાં આ ગીતો ગાય.

□